Parimal Nathwani
Member of Parliament (Rajya Sabha)

Member :
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Civil Aviation
Permanent Special Invitee :
Consultative Committee, Ministry of External Affairs

165, South Avenue,
New Delhi - 110 011
Phone : 011-23794010
email : parimal.nathwani@sansad.nic.in
pn.rajyasabha@gmail.com

"Vraj"
Near Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad-380 007.
Phone : +91-79-4009 4901

<u>અખબારી યાદી</u>

## ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયાધીશોનાં કુલ ૪૨ પદો સામે માત્ર ૩૧ કાર્યરત

---

## ગુજરાત હાઈકોર્ટમાં ૫૨ હજારથી વધુ સિવિલ અને ૨૬ હજારથી વધુ ક્રિમિનલ કેસો પેન્ડિંગ

---

## કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ દ્વારા રાજ્ય સભામાં સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નનો જવાબ

---

**ઑગસ્ટ ૧૯, ૨૦૧૩ :** કેન્દ્રીય કાનૂન અને ન્યાય તથા સંચાર અને ઇન્ફર્મેશન ટેકનોલોજી વિભાગના મંત્રી શ્રી કપિલ સિબ્બલે રાજ્ય સભામાં સાંસદ શ્રી પરિમલ નથવાણીને એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયાધીશોનાં કુલ ૪૨ પદ મંજૂર થયેલાં છે તેમાંથી ૨૯ પર્મેનેન્ટ જજો અને ૧૩ વધારાના જજોનાં પદ છે. તે સામે માત્ર ૩૧ ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટમાં કાર્યરત છે; આમ કુલ ૧૧ ન્યાયાધીશની જગ્યા ખાલી છે.

૧ ઑગસ્ટ ૨૦૧૩ની સ્થિતિએ સમગ્ર દેશની વિવિધ હાઈકોર્ટમાં કુલ ૯૦૬ ન્યાયાધીશોનાં મંજૂર પદો સામે માત્ર ૬૩૧ ન્યાયાધીશો કાર્યરત હતા.

મંત્રીશ્રીએ પેન્ડિંગ સિવિલ તથા ક્રિમિનલ કેસો અંગે આપેલી માહિતી મુજબ દેશની જુદી જુદી હાઈકોર્ટોમાં કુલ ૪૩ લાખ ૪૦ હજાર આઠ સો અડસઠ કેસો ૩૧ માર્ચ ૨૦૧૨ના રોજ પેન્ડિંગ હતા. તેમાંથી ૩૪ લાખ એક હજાર એક સો ત્રાણુ સિવિલ અને નવ લાખ ૩૯ હજાર છસો ચુંવોતેર ક્રિમિનલ કેસો પેન્ડિંગ હતા.

ગૃહમાં અપાયેલા વિવરણ મુજબ ૩૧ માર્ચ ૨૦૧૨ની સ્થિતિએ ગુજરાત હાઈકોર્ટમાં ૫૨,૯૭૦ સિવિલ કેસો તથા ૨૬,૫૫૯ કેસો પેન્ડિંગ હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું કે પેન્ડિંગ કેસોના આંકડા હાઈકોર્ટો તેમજ સુપ્રિમ કોર્ટમાં રાખવામાં આવે છે. હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની નિમણૂંક માટેની દરખાસ્તોની પ્રક્રિયા સંબદ્ધ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા કરવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે ઉચ્ચતર ન્યાયપાલિકાઓ માટે યોગ્ય ઉમેદવારોની પસંદગી કરી હાઈકોર્ટોમાં ખાલી પદો ભરવાની પ્રક્રિયા બંધારણીય ઉચ્ચાધિકારીઓ વચ્ચે સલાહ-સૂચનો મુજબ ચાલતી સતત પ્રક્રિયા છે.

તેમણે વધુમાં કહ્યું કે આપણી ન્યાય પ્રણાલીમાં કેસોના વ્યાપક ભરાવા તથા પેન્ડિંગ કેસોને લઈને ઊભા થતા પડકારોને ન્યાયપાલિકાની સક્રિય ભાગીદારી વિના પહોંચી વળાય નહિ.

ગૃહમાં રખાયેલા વિવરણ મુજબ અલ્હાબાદ હાઈકોર્ટ સૌથી વધુ ૬,૭૦,૪૭૧ સિવિલ અને ૩,૩૮,૦૬૨ ક્રિમિનલ પેન્ડિંગ કેસો સાથે દેશની હાઈકોર્ટોમાં પેન્ડિંગ કેસોની યાદીમાં ટોચ ઉપર છે.

★ ★ ★